# ECONOMICS

Name & Signature of the Invigilator

**PAPER-III**

**OCT-14/10**

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

Roll Number in words : ......................................

..........................................................................

..............................................

..............................................

**Time : 2.30 Hours]** **No. of Printed Pages : 40** **[Maximum Marks : 150**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **Seventy five (75)** multiple choice type questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   - (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   - (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   - (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper III only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પંચોતેર (૭૫)** પ્રશ્નો આપેલા છે. **બધા જ પ્રશ્નો ફરજિયાત છે.**
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   - (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   - (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   - (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૩ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## ECONOMICS
## PAPER - III

**અર્થશાસ્ત્ર**
**પેપર–III**

*Note* : This paper contains **Seventy Five (75)** multiple-choice/Assertion and Reasoning/matching questions carrying **TWO (2)** marks each. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પંચોતેર (૭૫)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. Which of the following decreases continuously as output increases ?

   (A) Average Cost

   (B) Total Fixed Cost

   (C) Average Fixed Cost

   (D) Marginal Cost

2. Change in price of a factor with a fixed supply, like land, depends on :

   (A) Change in supply curve only

   (B) Change in demand curve only

   (C) Changes in both demand and supply curves

   (D) Change in elasticity of supply curve

1. નીચેનામાંથી કયું, ઉત્પાદનના વધવા સાથે સતતપણે ઘટે છે ?

   (A) સરેરાશ ખર્ચ

   (B) કુલ સ્થિર ખર્ચ

   (C) સરેરાશ સ્થિર ખર્ચ

   (D) સીમાંત ખર્ચ

2. અચળ પૂરવઠો ધરાવતા ઉત્પાદનના સાધન, (જેવું કે જમીન) ની કિંમતમાં થતો ફેરફાર :

   (A) ફક્ત પૂરવઠા વક્રમાં થતા ફેરફાર

   (B) ફક્ત માંગ વક્રમાં થતા ફેરફાર

   (C) માંગ અને પૂરવઠા વક્રો બંનેમાં થતા ફેરફાર

   (D) પૂરવઠા વક્રની મૂલ્યસાપેક્ષતા

   પર આધાર રાખે છે.

3. Arrow's impossibility theorem does *not* impose the axiom of :

(A) non-imposition of social preferences

(B) non-dictatorship of social preferences

(C) independence of irrelevant alternatives

(D) interdependence of individual preferences

3. એરોનો અશકયતાનો પ્રમેય :

(A) સામાજિક પસંદગીઓનાં બીન–આરોપણ

(B) સામાજિક પસંદગીઓના બીન–સરમુખત્યારશાહી

(C) અપ્રસ્તુત વિકલ્પોના સ્વાતંત્ર્ય

(D) વ્યક્તિગત પસંદગીઓની આંતરઆધારિતતા

ના સ્વયંસિદ્ધ સિદ્ધાંત લાદતો નથી.

4. Which one is *not* a case of non-collusive oligopoly ?

(A) Cournot model

(B) Stackelberg's model

(C) Bertrand model

(D) Barometric leadership model

4. નીચેનામાંથી કયો બીનગુપ્તસમજૂતી અલ્પહસ્તક ઈજારાનો કિસ્સો **નથી** ?

(A) કુર્નો મોડેલ

(B) સ્ટેકલબર્ગ મોડેલ

(C) બર્ટાન્ડ મોડેલ

(D) બેરોમેટ્રીક લીડરશીપ મોડેલ

5. A demand curve, which is parallel to the horizontal axis, showing quantity has the price elasticity equal to :

(A) Zero

(B) Infinity

(C) Less than one

(D) One

5. જથ્થો દર્શાવતી ક્ષિતિજ–સમાંતર ધરીને સમાંતર માંગના વક્ર માટે મૂલ્યસાપેક્ષતા :

(A) શૂન્ય

(B) અનંત

(C) એક કરતાં ઓછી

(D) એક

છે.

6. Quasi rent is the reward to a factor of production which is :

(A) Economic rent in the short run but the transfer earnings in the long run

(B) Transfer earnings in the short run

(C) Transfer earnings both in the short and long run

(D) Economic rent both in short and long run

6. આભાસી ભાડું એ ઉત્પાદનના એક સાધનને પ્રાપ્ત થતું મળતર છે, અને તે સાધન :

(A) ટૂંકાગાળામાં આર્થિક ભાડું, પરંતુ લાંબાગાળામાં હસ્તાંતરણ આવક

(B) ટૂંકાગાળામાં હસ્તાંતરણ આવક

(C) ટૂંકા અને લાંબા ગાળા બંનેમાં હસ્તાંતરણ આવક

(D) ટૂંકા અને લાંબા ગાળા બંનેમાં આર્થિક ભાડું

7. Shift in investment function occurs because of :

(A) Change in wealth

(B) Reduction in thrift

(C) Expectation of rise in profit

(D) Expectation of fall in profit

7. મૂડીરોકાણ વિધેય ખસે છે, કારણ કે :

(A) સંપત્તિમાં ફેરફાર

(B) મિતવ્યયતામાં ઘટાડો

(C) નફામાં વૃદ્ધિની અપેક્ષા

(D) નફામાં ઘટાડાની અપેક્ષા

થાય છે.

8. Which economist showed that Keynesian theory is the moving equilibrium analysis ?

(A) Tobin

(B) Duesenberry

(C) Samuelson

(D) Hansen

8. કયા અર્થશાસ્ત્રીએ દર્શાવ્યું કે કેઈન્સીયન સિદ્ધાંત ગતિશીલ સમતુલા વિશ્લેષણ છે ?

(A) ટોબીન

(B) ડ્યુસનબેરી

(C) સેમ્યુઅલ્સન

(D) હાન્સેન

9. Investment multiplier was first introduced by :

(A) Keynes

(B) Kahn

(C) Hansen

(D) Hicks

10. When consumers attempt to save more out of any given income, the result is actual decrease in the amount they succeed in saving. This paradox is called :

(A) Paradox of saving

(B) Paradox of investment

(C) Paradox of thrift

(D) Paradox of consumption

9. મૂડીરોકાણ ગુણકને સૌ પ્રથમ :

(A) કેઈન્સ

(B) કહાન

(C) હાનસેન

(D) હીક્સ

દ્વારા રજૂ કરવામાં આવ્યો.

10. જ્યારે ગ્રાહકો દ્વારા, કોઈપણ આપેલી આવકમાંથી વધુ બચત કરવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે તેઓ જેટલી બચત કરવામાં સફળ થાય છે તેમાં વાસ્તવમાં ઘટાડો થાય છે. આ કોયડાને :

(A) બચતનો કોયડો

(B) મૂડીરોકાણનો કોયડો

(C) મિતવ્યયતાનો કોયડો

(D) વપરાશનો કોયડો

કહે છે.

11. According to quantity theory of money, an increase in money supply is most likely to lead to inflation if :

(A) The velocity of circulation of money decreases

(B) The number of transactions decreases

(C) The demand for money declines

(D) The velocity of circulation of money and the number of transactions are constant

12. According to the loanable funds theory, the rate of interest is a function of :

(A) Investment

(B) Desire to hoard money

(C) Quantity of money

(D) All of the above

11. નાણાંના પરિમાણાત્મક સિદ્ધાંત મુજબ, નાણાંના પૂરવઠામાં વધારાને કારણે ફુગાવા થવાની પૂરી શકયતા છે, જો :

(A) ચલણવેગ ઘટે છે

(B) લેવડદેવડની સંખ્યા ઘટે છે

(C) નાણાંની માંગ ઘટે છે

(D) ચલણવેગ અને લેવડદેવડની સંખ્યા અચળ રહે છે

12. ધીરાણપાત્ર ભંડોળના સિદ્ધાંત મુજબ, વ્યાજનો દર :

(A) મૂડીરોકાણ

(B) નાણાંનો સંગ્રહ કરવાની ઈચ્છા

(C) નાણાંનાં જથ્થા

(D) ઉપરના તમામ

નું વિધેય છે.

13. Which model specifically assumes that workers don't save and entrepreneurs don't consume ?

(A) Swan model

(B) Kaldor model

(C) Solow model

(D) Robinson model

14. Joan Robinson's main argument was that the growth rate of an economy depends upon :

(A) distribution of incomes

(B) growth in technology

(C) growth in External Trade

(D) regional growth

13. કયું મોડેલ એવું સ્પષ્ટપણે ધારે છે કે શ્રમિકો બચત કરતા નથી અને ઉદ્યોગસાહસિકો વપરાશ કરતા નથી ?

(A) સ્વાન મોડેલ

(B) કાલ્ડોર મોડેલ

(C) સોલો મોડેલ

(D) રોબીનસન મોડેલ

14. જોઆન રોબીનસનની મુખ્ય દલીલ એ હતી કે અર્થતંત્રનો વૃદ્ધિ દર :

(A) આવકના વિતરણ

(B) ટેકનોલોજીની વૃદ્ધિ

(C) બાહ્ય વ્યાપારની વૃદ્ધિ

(D) પ્રાદેશિક વૃદ્ધિ

પર આધાર રાખે છે.

[P.T.O.]

15. Endogenous growth models try to explain :

(A) The source of technological change from within the system

(B) Why there is instability in economies

(C) Trade cycles

(D) Change in income distribution

16. Theories of core-periphery and transfer of surplus is associated with :

(A) Immanuel Wallerstein

(B) Paul Samuelson

(C) Milton Friedman

(D) Adam Smith

15. આંતર્નિર્મિત વૃદ્ધિ મોડેલો :

(A) પ્રણાલીની અંદર જ થતા ટેક્નોલોજીકલ ફેરફારના સ્ત્રોત

(B) અર્થતંત્રોમાં શા માટે અસ્થિરતા હોય છે

(C) વ્યાપાર ચક્રો

(D) આવકનાં વિતરણમાં થતા ફેરફારો

સમજાવવાનો પ્રયત્ન કરે છે.

16. કેન્દ્ર–સીમાવર્તી પ્રદેશ અને અધિ:શેષના હસ્તાંતરણના સિદ્ધાંતો :

(A) ઈમાન્યુએલ વોલરસ્ટેન

(B) પોલ સેમ્યુઅલ્સન

(C) મિલ્ટન ફ્રીડમેન

(D) આદમ સ્મીથ

સાથે સંબંધિત છે.

17. Early models of endogenous growth are associated with :

(A) Harrod and Domar

(B) Solow and Swan

(C) Mundell and Fleming

(D) Lucas and Romer

18. The term 'Creative destruction' is associated with :

(A) Paul Samuelson

(B) Joseph Stiglitz

(C) Joseph Schumpeter

(D) Keynes

19. Justice in taxation is best ensured by applying the principle of :

(A) Equal absolute sacrifice

(B) Equal proportional sacrifice

(C) Equal marginal sacrifice

(D) Equal sacrifice

17. આંતર્નિર્મિત વૃદ્ધિના પ્રારંભિક મોડેલો :

(A) હેરડ અને ડોમર

(B) સોલો અને સ્વાન

(C) મુન્ડેલ અને ફલેમીંગ

(D) લ્યુકાસ અને રોમર

સાથે સંબંધિત છે.

18. 'સર્જનાત્મક વિનાશ' એ પદ :

(A) પોલ સેમ્યુઅલ્સન

(B) જોસેફ સ્ટીગ્લીટઝ

(C) જોસેફ શુમ્પીટર

(D) કેઈન્સ

સાથે સંકળાયેલું છે.

19. કરવેરામાં ન્યાયની :

(A) સમાન નિરપેક્ષ ત્યાગ

(B) સમાન પ્રમાણસર ત્યાગ

(C) સમાન સીમાંત ત્યાગ

(D) સમાન ત્યાગ

ના સિદ્ધાંતના ઉપયોગ વડે શ્રેષ્ઠ રીતે ખાત્રી આપી શકાય.

20. Total expenditure of the central government as a ratio of GDP for the year 2012-13 was :

(A) 14.9%

(B) 10.9%

(C) 14.3%

(D) 15%

21. Budgetary deficit does *not* take into account :

(A) Revenue deficit

(B) Capital budget deficit

(C) Balance of payments deficit

(D) Interest payment on public debt

20. વર્ષ 2012-13, માં કેન્દ્ર સરકારના કુલ ખર્ચની GDP માં ટકાવારી :

(A) 14.9%

(B) 10.9%

(C) 14.3%

(D) 15%

હતી.

21. અંદાજપત્રીય ખાધ :

(A) મહેસૂલી ખાધ

(B) મૂડી અંદાજપત્ર ખાધ

(C) લેણદેણની તુલાની ખાધ

(D) જાહેર દેવા પરના વ્યાજની ચૂકવણી

ને ધ્યાનમાં લેતી નથી.

22. The long term fiscal policy formulated during the seventh five year plan lays emphasis on :

(A) Tackling poverty and unemployment

(B) Reforming tax system

(C) Capital formation

(D) Industrial investment

23. Which one of the following was *not* stipulated in FRBM Act, 2003 ?

(A) Elimination of revenue deficit by the end of 2007-08

(B) Non-borrowing by the Union Government from RBI

(C) Elimination of primary deficit by the end of 2008-09

(D) Fixing government guarantees as a percentage of GDP

22. સાતમી પંચવર્ષીય યોજના દરમ્યાન ઘડાયેલી લાંબા ગાળાની રાજકોષીય નીતિ :

(A) ગરીબાઈ અને બેરોજગારીના નિવારણ

(B) કરપ્રણાલીમાં સુધારા

(C) મૂડીસર્જન

(D) ઔદ્યોગિક મૂડીરોકાણ

પર ભાર મૂકે છે.

23. નીચેનામાંથી કયું FRBM ધારા, 2003 માં નિયત થયું નહોતું ?

(A) વર્ષ 2007-08 ના અંત પહેલા મહેસૂલી ખાધને દૂર કરવી

(B) સરકાર દ્વારા RBI પાસેથી ધીરાણ ન લેવું

(C) વર્ષ 2008-09 સુધીમાં, પ્રાથમિક ખાધનું નિવારણ

(D) GDP માં સરકારી ખાત્રીઓની ટકાવારી સ્થિર કરવી

24. The concept of 'Effective Revenue Deficit' has been used for the first time in the Union Budget for :

(A) 2009-10

(B) 2010-11

(C) 2011-12

(D) 2008-09

25. Which of the following is *not* a function of WTO ?

(A) Bringing about stability in the external value of the currency of a country

(B) Providing forum for trade negotiations

(C) To act as an administrator in solving trade dispute

(D) Facilitator for expansion of multilateral trade

24. 'અસરકારક મહેસૂલી ખાધ' નો ખ્યાલ, સૌ પ્રથમ :

(A) 2009-10

(B) 2010-11

(C) 2011-12

(D) 2008-09

ના અંદાજપત્રમાં વાપરવામાં આવ્યો હતો.

25. નીચેનામાંથી કયું WTO નું કાર્ય નથી ?

(A) એક દેશના ચલણના બાહ્ય મૂલ્યમાં સ્થિરતા લાવવી

(B) વ્યાપાર વાટાઘાટો માટે મંચ પૂરો પાડવો

(C) વ્યાપાર વિવાદોમાં એક વહીવટકાર તરીકે કાર્ય કરવું

(D) બહુપક્ષીય વ્યાપારના વિસ્તરણ માટે મદદકર્તા થવું

26. Which of the following is *not* a direct outcome of the free international trade ?

(A) Most efficient use of the domestic resources of production

(B) Most efficient division of labour leading to greater specialisation

(C) Breaking of domestic monopolies

(D) Ensuring domestic political stability

27. WTO covers ..........., .......... and .......... under its programmes.

(A) inflation, currency, trade

(B) expansion of trade, global peace, innovations

(C) trade in goods, services, intellectual property rights

(D) bilateral trade, space sharing agreements, global trade

26. નીચેનામાંથી કયું, મુક્ત આંતરરાષ્ટ્રીય વ્યાપારનું એક સીધુ પરિણામ **નથી** ?

(A) ઉત્પાદના ઘરગથ્થુ સંસાધનોનો સૌથી વધુ કાર્યક્ષમ ઉપયોગ

(B) શ્રમનું સૌથી વધુ કાર્યશ્રમ વિભાજન કે જે વધુ વિશિષ્ટીકરણ તરફ દોરી જાય છે

(C) સ્થાનિક ઈજારાઓને તોડી પાડવી

(D) સ્થાનિક રાજકીય સ્થિરતાની ખાત્રી આપવી

27. WTO પોતાના કાર્યક્રમોમાં ........, .......... અને ........ નો સમાવેશ કરે છે :

(A) ફુગાવો, ચલણ, વ્યાપાર

(B) વ્યાપારનું વિસ્તરણ, વૈશ્વિક શાંતિ, નવ સંસ્કરણ

(C) વસ્તુઓનો વ્યાપાર, સેવાઓ, બૌદ્ધિક સંપત્તિ હકો

(D) દ્વિપક્ષી વ્યાપાર, અવકાશમાં ભાગીદારી અંગેના કરારો, વૈશ્વિક વ્યાપાર

28. OPEC (Organization of Petroleum Exporting Countries) is an example of :

(A) Multilateral trade

(B) Monopolistic competition

(C) Cartel

(D) Regional cooperation

29. Which of the following is *not* a part of the WTO agreement on agriculture ?

(I) Domestic support

(II) Export Subsidies

(III) Market access

(IV) Input subsidies

(A) (I) only

(B) (IV) only

(C) (III) and (IV) only

(D) (II) and (IV) only

28. OPEC એ :

(A) બહુપક્ષીય વ્યાપાર

(B) ઈજારાયુક્ત હરીફાઈ

(C) સંઘ (કાર્ટલ)

(D) પ્રાદેશિક સહકાર

નું ઉદાહરણ છે.

29. નીચેનામાંથી કયું, WTO ના કૃષિ અંગેના કરારનો એક ભાગ નથી ?

(I) સ્થાનિક સમર્થન

(II) નિકાસ સબસીડી

(III) બજાર પ્રત્યેની પહોંચ

(IV) ઉત્પાદન સાધન માટેની સબસીડી

(A) ફક્ત (I)

(B) ફક્ત (IV)

(C) ફક્ત (III) અને (IV)

(D) ફક્ત (II) અને (IV)

30. In investment criteria shadow prices are the prices :

(A) In black market parallel to controlled prices

(B) Fixed by the government without a consideration of cost of production

(C) Which reveal true scarcity value of goods and factor inputs

(D) At which goods and factors are not available

31. The goals of monetary policy in India include :

(A) High employment

(B) Inflation control

(C) High growth

(D) All of the above

30. મૂડીરોકાણ ધોરણોમાં, છાયા કિંમતો :

(A) અંકુશીત કિંમતોને સમાંતર કાળા બજારની કિંમતો

(B) ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં લીધા સિવાય સરકાર દ્વારા નિર્ધારી થયેલી કિંમતો

(C) વસ્તુઓ અને ઉત્પાદનના સાધનોનું સાચું અછત મૂલ્ય દર્શાવતી કિંમતો

(D) જે કિંમતોએ વસ્તુઓ અને ઉત્પાદનના સાધનો પ્રાપ્ય નથી એ કિંમતો

દર્શાવે છે.

31. ભારતમાં નાણાંકીય નીતિના હેતુઓમાં :

(A) ઊંચી રોજગારી

(B) ફુગાવા—અંકુશ

(C) ઊંચી વૃદ્ધિ

(D) ઉપરના તમામ

નો સમાવેશ થાય છે.

32. The first private sector Mutual Fund company in India was :

(A) Kothari Pioneer

(B) Bajaj Allianz

(C) DSP Black

(D) HDFC

32. ભારતની સૌ પ્રથમ ખાનગી ક્ષેત્રની મુચ્યુઅલ ફંડ કંપની :

(A) કોઠારી પાયોનીયર

(B) બજાજ એલીઆન્ઝ

(C) ડીએસપી બ્લેક

(D) એચ.ડી.એફ.સી.

હતી.

33. If we deduct cash with banks from currency in circulation, we arrive at :

(A) Currency with public

(B) Bankers' deposits with RBI

(C) Net RBI credit to the central government

(D) RBI credit to the commercial sector

33. જો આપણે ચલણના ફેલાવામાંથી બેન્કો પાસે રહેલા નગર નાણાંને બાદ કરીએ તો આપણને :

(A) જનતા પાસેનું ચલણીનાણું

(B) RBI પાસેની બેન્કરોની થાપણો

(C) કેન્દ્ર સરકારને મળેલી ચોખ્ખી RBI શાખ (ધીરાણ)

(D) વ્યાપારીક ક્ષેત્રને RBI દ્વારા મળેલું ધીરાણ

મળે છે.

34. Among priority sector advances by the public sector commerical banks, which sector has the maximum share during 2011-12 ?

(A) Agriculture

(B) Micro and small enterprise

(C) Weaker sections

(D) Exports

35. Which one of the following is *not* a reason for increase in NPA of the public sector banks ?

(A) Current macro-economic situation of the country

(B) Increased interest rates in the past

(C) Higher economic growth

(D) Aggressive lending by the banks in the past

34. જાહેર ક્ષેત્રની વાણિજ્ય બેન્કો દ્વારા અગ્રીમતા ધરાવતા ક્ષેત્રોને અપાયેલા ધીરાણોમાં, વર્ષ 2011-12 માં કયા ક્ષેત્રનો ફાળો સૌથી વધુ હતો ?

(A) કૃષિ

(B) સૂક્ષ્મ અને નાના સાહસો

(C) નબળા વર્ગો

(D) નિકાસ

35. નીચેનામાંથી કયું, જાહેર ક્ષેત્રની બેન્કોના NPA માં થયેલા વધારા માટેનું કારણ **નથી** ?

(A) દેશની પ્રવર્તમાન સમષ્ટિલક્ષી આર્થિક પરિસ્થિતિ

(B) ભૂતકાળમાં થયેલી વ્યાજના દરોની વૃદ્ધિ

(C) વધુ આર્થિક વૃદ્ધિ

(D) ભૂતકાળમાં બેન્કો દ્વારા થયેલું આક્રમક ધીરાણ

36. The apex financial institution responsible for the development of small and micro-industries in India is ..........................

(A) IDBI

(B) SIDBI

(C) NABARD

(D) None of the above

37. Which combination of the following factors is essential for industrialisation ?

(I) Entrepreneur

(II) Capital

(III) Abundance of natural resources

(IV) Infrastructure

(A) (I), (II) and (III)

(B) (II), (III) and (IV)

(C) (II), (IV) and (I)

(D) (I), (IV) and (III)

36. ભારતમાં સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોના વિકાસ માટે જવાબદાર સર્વોચ્ચ વિત્તીય સંસ્થા :

(A) IDBI

(B) SIDBI

(C) NABARD

(D) ઉપરનામાંથી કોઈ નહીં

છે.

37. ઔદ્યોગિકરણ માટે નીચેના પરિબળોનું કયું સંયોજન જરૂરી છે ?

(I) ઉદ્યોગ સાહસિક

(II) મૂડી

(III) પ્રાકૃતિક સંસાધનોની વિપુલતા

(IV) પાયાની સુવિધાઓ

(A) (I), (II) અને (III)

(B) (II), (III) અને (IV)

(C) (II), (IV) અને (I)

(D) (I), (IV) અને (III)

38. Which of the following sectors has the largest share in the employment of workers in India ?

(A) Public Sector

(B) Private industrial Sector

(C) Organized Sector

(D) Unorganized Sector

39. Which of the following is *not* an objective of National Wage Policy ?

(A) To ensure a minimum wage for all workers

(B) To reduce wage differentials between the organized and unorganized sectors

(C) To promote vertical mobility of labour by in-service skill development programmes

(D) To eliminate middlemen from providing employment

38. ભારતમાં શ્રમિકોની રોજગારીમાં, નીચેનામાંથી કયા ક્ષેત્રનો સૌથી વધુ ફાળો છે ?

(A) જાહેર ક્ષેત્ર

(B) ખાનગી ઔદ્યોગિક ક્ષેત્ર

(C) સંગઠિત ક્ષેત્ર

(D) અસંગઠિત ક્ષેત્ર

39. નીચેનામાંથી કયો, રાષ્ટ્રીય વેતન નીતિનો એક હેતુ **નથી** ?

(A) તમામ શ્રમિકોને એક લઘુતમ વેતનની ખાત્રી આપવી

(B) સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રો વચ્ચેના વેતનના તફાવતો ઘટાડવા

(C) ચાલુ સેવાએ કૌશલ્ય વિકાસ કાર્યક્રમો દ્વારા શ્રમિકોની ઉર્ધ્વ ગતિશીલતાને ઉત્તેજન આપવું

(D) રોજગાર પૂરો પાડવામાં વચેટીયાઓને દૂર કરવા

40. Who did the review of working of the industries (Development and Regulation) Act, 1951 ?

(A) Dr. G.S. Bhalla

(B) Dr. P.R. Brahmananda

(C) Dr. S.K. Chakrabarti

(D) Dr. R.K. Hazari

41. In a competitive market, a tax on wage income falls wholly on labour if :

(A) Labour supply is inelastic

(B) Labour supply is elastic

(C) Labour supply is highly elastic

(D) Demand for products has infinite elasticity

40. ઉદ્યોગોના સંચાલન (વિકાસ અને નિયમન) ધારા, 1951 ના કાર્યચાલનની સમીક્ષા કોણે કરી હતી ?

(A) ડો. જી.એસ. ભલ્લા

(B) ડો. પી.આર. બ્રહ્માનંદ

(C) ડો એસ.કે. ચક્રવર્તી

(D) ડો. આર.કે. હજારી

41. હરીફાઈયુક્ત બજારમાં, વેતન–આવક પરનો કર સંપૂર્ણપણે શ્રમિક પર પડે છે, જો :

(A) શ્રમનો પૂરવઠો મૂલ્યઅનપેક્ષ હોય

(B) શ્રમનો પૂરવઠો મૂલ્યસાપેક્ષ હોય

(C) શ્રમનો પૂરવઠો ઘણો મૂલ્યસાપેક્ષ હોય

(D) ઉત્પન્ન માટેની માંગની મૂલ્યસાપેક્ષતા અનંત હોય

42. Securities and Exchange Board of India (SEBI) has to monitor :

(A) Companies coming for new public issues

(B) Regulation of stock exchanges in India

(C) Regulation of insider trading and outsider trading

(D) All the above functions

42. SEBI એ (સીક્યોરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા) :

(A) નવા જાહેર ભરણા માટે આવતી કંપનીઓ

(B) ભારતના સ્ટોક એક્ષચેન્જના નિયમન

(C) ઈનસાઈડર ટ્રેડીંગ અને આઉટસાઈડર ટ્રેડીંગનું નિયમન

(D) ઉપરના તમામ કાર્યો

નું અનુશ્રવણ કરવાનું છે.

43. State regulation in environmental management is preferred to the market when :

(A) Resources are abundant

(B) Resources are land-based

(C) Environmental quality is critical

(D) None of the above

43. પર્યાવરણીય પ્રબંધન માટે બજાર કરતાં રાજ્ય દ્વારા નિયમને વધુ પસંદગી આપવામાં આવે છે કે જયારે :

(A) સંસાધનો વિપુલ માત્રામાં હોય

(B) સંસાધનો જમીન–આધારિત હોય

(C) પર્યાવરણીય ગુણવત્તા કટોકટી ભરી હોય

(D) ઉપરનામાંથી કોઈ નહીં

44. Total fertility rate is .................... .

(A) The number of children a woman is likely to bear in her life time

(B) The births to women divided by the female population

(C) The likelihood of having total births in a given year

(D) The number of births divided by the total population

45. Poverty in India is commonly estimated using data from :

(A) Reserve Bank of India

(B) National sample surveys on consumption expenditure

(C) Economic census

(D) State Domestic Product

44. કુલ ફળદ્રુપતા દર એટલે :

(A) પોતાના જીવનકાળ દરમ્યાન એક સ્ત્રી કેટલી સંખ્યામાં બાળકોને જન્મ આપશે તેની સંભવિતતા

(B) સ્ત્રીઓએ આપેલા જન્મોની સંખ્યાનો કુલ સ્ત્રી વસ્તી વડે ભાગાકાર

(C) એક આપેલા વર્ષમાં કુલ જન્મોની સંભવિતતા

(D) જન્મોની કુલ સંખ્યાનો કુલ વસ્તી વડે ભાગાકાર

45. ભારતમાં ગરીબાઈ અંગેનો અંદાજ :

(A) રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા

(B) વપરાશ ખર્ચ માટેના નેશનલ સેમ્પલ સર્વેઝ

(C) આર્થિક જનગણના

(D) રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદન

ના આંકડાઓનો ઉપયોગ કરીને અંદાજવામાં આવે છે.

46. The number of live births per 1000 population in a year is called .............................. .

(A) The basic demographic equation

(B) The crude birth rate

(C) The fertility rate

(D) The reproduction rate

46. એક વર્ષમાં, દર હજાર વસ્તીએ જીવિત જન્મોની સંખ્યાને :

(A) મૂળભૂત વસ્તીવિષયક સમીકરણ

(B) કાચો જન્મ દર

(C) ફળદ્રુપતા દર

(D) પ્રજનન દર

કહે છે.

47. According to the Economic Survey 2012-13, the poverty has declined between 2004-05 and 2009-10, by ......................... percentage points annually.

(A) 1.5

(B) 2.0

(C) 2.5

(D) 3.0

47. આર્થિક સર્વેક્ષણ 2012-13 મુજબ, વર્ષ 2004-05 થી વર્ષ 2009-10 દરમ્યાન, ગરીબીનો દર ........ વાર્ષિક ટકાવારી પોઈન્ટથી ઘટયો છે :

(A) 1.5

(B) 2.0

(C) 2.5

(D) 3.0

48. Which of the following is widely regarded as being an important aspect of 'Sustainable social and economic development' ?

(A) High levels of consumption expenditure and low levels of savings

(B) Inter-generational equity

(C) Inter-generational inequity

(D) Intra-generational inequity

49. With growth in per capita income, inequality tends to follow ............. .

(A) U-shaped pattern

(B) Upwardly linear pattern

(C) Inverted U-shaped pattern

(D) Downwardly linear pattern

48. નીચેનામાંથી કયું 'નિભાવપાત્ર સામાજિક અને આર્થિક વિકાસ' ના એક અગત્યના પાસા તરીકે વ્યાપક રીતે ગણવામાં આવે છે ?

(A) વપરાશ ખર્ચનું ઊંચુ સ્તર અને બચતનું નીચુ સ્તર

(B) આંતર–પેઢી સમાનતા

(C) આંતર–પેઢી અસમાનતા

(D) અંતઃપેઢી વચ્ચેની અસમાનતા

49. માથાદીઠ આવકમાં વૃદ્ધિ સાથે, અસમાનતા :

(A) U-આકારની તરાહ

(B) ઉપરની તરફની રૈખિક તરાહ

(C) પરાવૃત્ત (ઉલટા) U-આકારની તરાહ

(D) નીચેની તરફની રૈખિક તરાહ

ને અનુસરવાનું વલણ ધરાવે છે.

50. Joint forest management was first started in :

(A) Gujarat in 1983

(B) Madhya Pradesh in 1991

(C) West Bengal in 1971

(D) Punjab in 1954

51. An increasing share of the fellow land other than current fellow land in the land use pattern shows :

(A) Unscientific land use pattern

(B) Scientific land use pattern

(C) Use of fertilizers and pesticides

(D) Use of land for industries

50. સહિયારા વનપ્રબંધનની શરૂઆત :

(A) 1983 માં ગુજરાતમાં

(B) 1991 માં મધ્યપ્રદેશમાં

(C) 1971 માં પશ્ચિમ બંગાળમાં

(D) 1954 માં પંજાબમાં

થઈ હતી.

51. જમીન વપરાશની તરાહમાં, ચાલુ પડતર જમીન સિવાયની પડતર જમીનનો વધતો જતો હિસ્સો :

(A) જમીન વપરાશની બીનવૈજ્ઞાનિક તરાહ

(B) જમીન વપરાશની વૈજ્ઞાનિક તરાહ

(C) રસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ઉપયોગ

(D) જમીનનો ઉદ્યોગો માટેનો વપરાશ

દર્શાવે છે.

52. Which Committee recommended tax on agriculture holdings ?

(A) Bhootlingam Committee

(B) Raj Committee

(C) Wanchoo Committee

(D) Raja Chelliah Committee

53. Which of the following is *not* responsible for low productivity in Indian Agriculture ?

(A) Low productivity in Indian Industrial Sector

(B) Immense pressure of population on land

(C) Lack of appropriate technology

(D) Uneconomic size of holdings

52. કૃષિ જમીન ધારણો પર કર નાંખવાની ભલામણ, કઈ સમિતિએ કરી હતી ?

(A) ભૂતલિંગમ સમિતિ

(B) રાજ સમિતિ

(C) વાન્ચુ સમિતિ

(D) રાજા ચેલૈયા સમિતિ

53. નીચેનામાંથી કયું, ભારતીય કૃષિમાં નીચી ઉત્પાદકતા માટે જવાબદાર નથી ?

(A) ભારતીય ઉદ્યોગ ક્ષેત્રમાં નીચી ઉત્પાદકતા

(B) જમીન પર વસ્તીનું ઊંચુ દબાણ

(C) યોગ્ય ટેકનોલોજીનો અભાવ

(D) જમીનધારણનું બીનઆર્થિક કદ

54. After the independence in India the crop pattern has changed in favour of :

(A) Horticulture

(B) Food grain

(C) Commercial crops

(D) Oilseeds

55. The relation between correlation coefficient ($r$) and regression coefficient ($b_{yx}$) can be expressed as :

(A) $b_{yx} = r.\frac{\sigma_x}{\sigma_y}$

(B) $b_{yx} = r.\frac{\sigma_y}{\sigma_x}$

(C) $b_{yx} = r^2.\frac{\sigma_y}{\sigma_x}$

(D) $r = \frac{b_{yx}}{\sigma_y^2}$

54. સ્વતંત્રતા બાદ, ભારતમાં પાકની તરાહ :

(A) બાગાયતી પાકો

(B) ધાન્યો

(C) વાણિજ્ય પાકો

(D) તેલીબિયા

ની તરફેણમાં બદલાઈ છે.

55. સહસંબંધાંક અને નિયતસંબંધાંક વચ્ચેનો સંબંધ :

(A) $b_{yx} = r.\frac{\sigma_x}{\sigma_y}$

(B) $b_{yx} = r.\frac{\sigma_y}{\sigma_x}$

(C) $b_{yx} = r^2.\frac{\sigma_y}{\sigma_x}$

(D) $r = \frac{b_{yx}}{\sigma_y^2}$

વડે દર્શાવી શકાય.

56. Second derivative of a cost function when returns to economies of scale are constant, is ..................... .

(A) 1

(B) zero

(C) any constant $k$

(D) indeterminate

57. Consider tax yield equations :

($i$) $T = t.q$ and

($ii$) $T = t.p.q$

Where demand curve is $q = \frac{5}{p}$.

Which one from the following gives the tax on total revenue ?

(A) Both

(B) Neither

(C) ($i$) only

(D) ($ii$) only

56. જ્યારે કદવિસ્તરણના લાભો અચળ હોય ત્યારે, ખર્ચ વિધેયનું દ્વિતીય કક્ષાનું વિકલન :

(A) 1

(B) શૂન્ય

(C) કોઈ પણ અચળ $k$

(D) અનિર્ણીત

છે.

57. કરપ્રાપ્તિ સમીકરણો :

($i$) $T = t.q$ અને

($ii$) $T = t.p.q$

ને ધ્યાનમાં લો, જ્યાં માંગનો વક્ર $q = \frac{5}{p}$ છે.

નીચેનામાંથી કયું, કુલ આમદાની પરનો કર આપે છે ?

(A) બંને

(B) બંનેમાંથી કોઈ નહીં

(C) ફક્ત ($i$)

(D) ફક્ત ($ii$)

58. Primary inputs in the input-output analysis go in micro-economics by the name of :

(A) means of production

(B) factors of production

(C) relations of production

(D) forces of production

59. Linear programming solution would not be unique if :

(A) Two requirement constraints coincide

(B) Two resource constraints coincide

(C) A resource constraint coincides with a requirement constraint

(D) A resource/requirement coincides with the objective function

58. સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રમાં, સાધન–ઉત્પાદન વિશ્લેષણમાં, ઉત્પાદનના પ્રાથમિક સાધનો :

(A) ઉત્પાદનના સાધનો

(B) ઉત્પાદનના કારકો

(C) ઉત્પાદનના સંબંધો

(D) ઉત્પાદનના પરિબળો

તરીકે ઓળખાય છે.

59. સુરેખ આયોજન પ્રશ્નનો ઉકેલ, અનન્ય હશે જો :

(A) બે જરૂરિયાત–બાધકો એકરૂપ હોય છે

(B) બે સંસાધન બાધકો એકરૂપ હોય છે

(C) એક સંસાધન બાધક, એક જરૂરિયાત બાધક સાથે એકરૂપ હોય છે

(D) એક સંસાધન કે જરૂરીયાત બાધક, હેતુલક્ષી વિધેય સાથે એકરૂપ હોય છે

60. Karl Pearson correlation co-efficient is appropriate for :

(A) Any relationship

(B) Linear relationship

(C) Non-linear relationship

(D) Curvilinear relationship

60. કાર્લ પીઅર્સનનો સહસંબંધાંક :

(A) કોઈ પણ સંબંધ

(B) સુરેખ સંબંધ

(C) બીન-સુરેખ સંબંધ

(D) વક્રાકાર સંબંધ

માટે યોગ્ય છે.

61. In a multivariate regression model, if two independent variables are correlated, it is known as the problem of :

(A) Heteroscedasticity

(B) Multicollinearity

(C) Autocorrelation

(D) Error in variables

61. જો એક બહુચલીય નિયતસંબંધ મોડેલમાં બે નિરપેક્ષ ચલરાશિઓ સહસંબંધીત હોય તો તેને :

(A) વિષમ વિચરણ

(B) બહુવિધ સમરેખતા

(C) સ્વસહસંબંધ

(D) ચલરાશિઓમાં દોષ

નો પ્રશ્ન કહે છે.

62. Unit root processes are said to be integrated of order :

(A) 0

(B) 1

(C) 2

(D) 3

62. એકમ–ઉકેલ પ્રક્રિયા :

(A) 0

(B) 1

(C) 2

(D) 3

જેટલી કક્ષાએ સંકલિત છે એમ કહેવાય છે.

63. A distributed lag-model can be converted into an autoregressive model using .......................... .

(A) Durbin's method

(B) Theil's method

(C) Lange's method

(D) Koyck's method

63. એક વિતરીત–વિલંબ મોડેલને એક સ્વનિયતસંબંધિત મોડેલમાં :

(A) ડર્બીનની પદ્ધતિ

(B) થેઈલની પદ્ધતિ

(C) લાન્જેની પદ્ધતિ

(D) કોયકની પદ્ધતિ

નો ઉપયોગ કરીને ફેરવી શકાય.

64. When ratio of factor prices and ratio of corresponding factor productivities are equal, which of the following will be the result ?

(A) Producers will maximize profits

(B) Producer will be employing the least cost combination of the factors

(C) Total production will be maximum

(D) Firm will be in equilibrium

65. Arrange proponents of theory of consumer's behaviour chronologically in order of advancement in theoretical concepts :

(1) Alfred Marshall

(2) Paul Samuelson

(3) Lancaster

(4) Von Neumann and Morgenstern

(A) (1) (2) (3) (4)

(B) (2) (1) (3) (4)

(C) (1) (2) (4) (3)

(D) (4) (3) (2) (1)

64. જયારે ઉત્પાદનના સાધનોની કિંમતોનો ગુણોત્તર તથા સંબંધિત ઉત્પાદકતાઓનો ગુણોત્તર સમાન હોય ત્યારે, નીચેનામાંથી કયું પરિણામ હશે ?

(A) ઉત્પાદકો પોતાના નફાનું મહત્તમીકરણ કરશે

(B) ઉત્પાદકો, ઉત્પાદનના સાધનોનાં લઘુતમ–ખર્ચ સંયોજનનો ઉપયોગ કરશે

(C) કુલ ઉત્પાદન મહત્તમ હશે

(D) પેઢી સમતુલામાં હશે

65. ગ્રાહકના વર્તનના સિદ્ધાંતો રજૂ કરનારાઓને સમયાનુસાર, સૈદ્ધાંતીક ખ્યાલોની પ્રગતિના ક્રમમાં ગોઠવો :

(1) આલ્ફ્રેડ માર્શલ

(2) પોલ સેમ્યુઅલ્સન

(3) લેન્કેસ્ટર

(4) વોન ન્યુમાન અને મોર્ગેનસ્ટેર્ન

(A) (1) (2) (3) (4)

(B) (2) (1) (3) (4)

(C) (1) (2) (4) (3)

(D) (4) (3) (2) (1)

66. Harrod's natural rate of growth means .......................... .

(I) Growth potential of the economy without any interference

(II) Maximum potential rate of growth that can be achieved in long run

(III) Maximum rate at which natural resources can be used in the economy

(A) (II) only

(B) (III) only

(C) (II) and (III) both

(D) (I), (II) and (III)

67. Which of the following is *not* true with respect to spot market liquidity ?

(A) The more willing buyers and sellers there are, the more liquid a market is

(B) The spot market for heavily traded currencies such as the Japanese's Yen are very liquid

(C) A currency's liquidity affects the case with which an MNC can obtain or sell that currency

(D) It called for fixed exchange rate between currencies

66. હેરડના પ્રાકૃતિક વૃદ્ધિ દરનો અર્થ :

(I) કોઈ પણ હસ્તક્ષેપ વિના અર્થતંત્રની વૃદ્ધિ ક્ષમતા

(II) લાંબા ગાળામાં પ્રાપ્ત કરી શકાય તેવો મહત્તમ શકય વૃદ્ધિ દર

(III) અર્થતંત્રમાં, પ્રાકૃતિક સંસાધનો જે મહત્તમ દરે વાપરી શકાય તે દર

(A) ફક્ત (II)

(B) ફક્ત (III)

(C) ફક્ત (II) અને (III) બંને

(D) (I), (II) અને (III)

67. સ્પોટ બજાર પ્રવાહીતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું સાચુ **નથી** ?

(A) જેમ ઈચ્છા ધરાવતા ખરીદનારા અને વેચનારાની સંખ્યા વધુ તેમ બજાર વધુ પ્રવાહી

(B) જાપાનના યેન જેવી વધુ લેવડદેવડ ધરાવતા ચલણો માટેના સ્પોટ બજાર વધુ પ્રવાહી

(C) એક ચલણની પ્રવાહીતા, એક બહુ રાષ્ટ્રીય કંપની દ્વારા તે ચલણની કેટલી સરળતા લે-વેચ કરી શકે છે, તેને અસર કરે છે

(D) તે વિભિન્ન ચલણો વચ્ચે સ્થિર વિનિમય દરની તરફેણ કરે છે

68. A General Agreement on Traiff and Trade accord in 1993 called for :

(A) Increased trade restrictions outside of North America

(B) Lower trade restrictions around the world

(C) Uniform environmental standards around the world

(D) Uniform worker health laws

69. A high home inflation rate in other countries would ............................ the home country's current account balance, other things equal. A high growth in the home income level relative to other countries would ...................... the home country's current account balance, other things equal.

(A) Increase, increase

(B) Increase, decrease

(C) Decrease, decrease

(D) Decrease, increase

68. વર્ષ 1993 ના ''જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરીફ એન્ડ ટ્રેડ'' (GATT) માં :

(A) ઉત્તર અમેરિકાની બહાર વધુ વ્યાપાર બંધનો

(B) સમગ્ર વિશ્વમાં ઓછા વ્યાપાર બંધનો

(C) સમગ્ર વિશ્વમાં સમાન પર્યાવરણીય ધોરણો

(D) સમાન શ્રમિક–આરોગ્ય કાયદાઓ

ની તરફેણ કરવામાં આવી હતી.

69. અન્ય પરિબળો યથાવત રહે તો, અન્ય દેશોમાંના ઊંચા ઘરેલુ ફુગાવાના દરને કારણે એક દેશની ચાલુ ખાતાની સિલકમાં ......... એક દેશના આવકના સ્તરમાં અન્ય દેશોની તુલનામાં ઊંચી વૃદ્ધિ, તે દેશના ચાલુ ખાતાની સિલકમાં ........ .

(A) વધારો થશે, વધારો થશે

(B) વધારો થશે, ઘટાડો થશે

(C) ઘટાડો થશે, ઘટાડો થશે

(D) ઘટાડો થશે, વધારો થશે

70. Agriculture income tax is assigned to the state governments by :

(A) The Finance Commission

(B) The National Development Council

(C) The Inter-state Council

(D) The Constitution of India

70. રાજય સરકારોને કૃષિ આવક વેરાની સોંપણી :

(A) નાણા પંચ

(B) રાષ્ટ્રીય વિકાસ પરિષદ

(C) આંતર–રાજય પરિષદ

(D) ભારતીય બંધારણ

દ્વારા કરવામાં આવી છે.

71. The High Yielding Variety (HYV) seeds were developed by :

(A) Prof. Norman Borlang

(B) Prof. Swaminathan

(C) Prof. Sundaram

(D) Prof. Smith

71. HYV બીયારણો :

(A) પ્રો. નોર્મન બોરલેન્ગ

(B) પ્રો. સ્વામીનાથન

(C) પ્રો. સુંદરમ

(D) પ્રો. સ્મીથ

દ્વારા વિકસાવવામાં આવ્યા.

72. Cropping pattern refers to :

(A) area under a particular crop at a given point of time

(B) ratio of area under one crop to another crop

(C) relative distribution of cropped area under different crops at a given point of time

(D) ratio of net sown area to total cropped area

73. Gilt-edged market means :

(A) Bullion market

(B) Market of government securities

(C) Market of guns

(D) Market of pure metals

72. પાકની તરાહ એટલે :

(A) અમુક સમયે એક ચોકકસ પાક હેઠળનો વિસ્તાર

(B) એક પાક અને અન્ય પાક હેઠળના વિસ્તારોનો ગુણોત્તર

(C) એક ચોકકસ સમયે વિવિધ પાકો હેઠળના વિસ્તારોનું સાપેક્ષ વિતરણ

(D) ચોખ્ખી વાવેતર હેઠળની જમીન અને કુલ પાક હેઠળના વિસ્તારનો ગુણોત્તર

73. ગીલ્ટ–એજડ બજાર એટલે :

(A) સોના–ચાંદી બજાર

(B) સરકારી જામીનગીરીઓનું બજાર

(C) બંદૂકો માટેનું બજાર

(D) શુદ્ધ ધાતુઓનું બજાર

74. In pursuance with the recommendations of Narsimham Committee, the RBI has framed new guidelines :

(A) to govern entry of new private sector banks to make the banking sector more competitive

(B) to reduce the freedom given to banks to rationalize their existing branch network

(C) to set up more foreign exchange banks

(D) to lend more easily for industrial development

75. From which date, did the Government of India introduce scheme of Direct Benefit Transfer ?

(A) 1st June, 2012

(B) 1st April, 2013

(C) 1st July, 2012

(D) 1st January, 2013

74. નરસિંહમ સમિતિની ભલામણો અનુસાર :

(A) બેન્કીંગ ક્ષેત્રને વધુ સ્પર્ધાયુક્ત બનાવવા માટે નવી ખાનગી ક્ષેત્રની બેન્કોના પ્રવેશનું નિયમન કરવા માટે

(B) પોતાના હાલની શાખાઓના માળખાને તર્કસંગત બનાવવા માટે બેન્કોને આપવા આવેલી સ્વતંત્રતા ઘટાડવા માટે

(C) વધુ વિદેશી ચલણ બેન્કો સ્થાપવા માટે

(D) ઔદ્યોગિક વિકાસ માટે વધુ સરળ ધીરાણ કરવા માટે

RBI એ નવી માર્ગદર્શિકા ઘડી છે.

75. ભારત સરકારે કઈ તરીખથી ''સીધા લાભના હસ્તાંતરણ (DBI)'' ની યોજના અમલમાં મૂકી છે ?

(A) પહેલી જૂન, 2012

(B) પહેલી એપ્રિલ, 2013

(C) પહેલી જુલાઈ, 2012

(D) પહેલી જાન્યુઆરી, 2013

## ROUGH WORK

SEAL